# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

## 1 નવેમ્બરની ‘ઇન્ડિયા’ ગઠબંધનની રેલીની તડામાર તૈયારીઓ

**નવી દિલ્હી.** રામલીલા મેદાનમાં ગુરુવારે સવારે ઇન્ડિયા ગઠબંધનની 1 નવેમ્બરે યોજાનારી રેલીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ રેલીમાં ‘વોટ ચોરી’ મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવામાં આવશે. મેદાનમાં મોટા ‘તિરંગા’ રંગના તંબૂ ઊભા કરવામાં આવી રહ્યા છે,, પ્લાસ્ટિકની ખુરશીઓના ઊંચા ખડકલા લાગી ગયા છે અને સુરક્ષા માટે મેટલની બેરિકેડ્સ લગાવવામાં આવી રહી છે. તસવીરોમાં જોઈ શકાય છે કે, વિપક્ષી નેતાઓ માટે મુખ્ય મંચ પર એક મોટો તંબૂ બાંધવામાં આવી રહ્યો છે, જ્યારે ઇન્ડિયા ગઠબંધનના પક્ષોના રાજ્ય એકમો માટે બીજો મંચ તૈયાર કરવામાં આવી રહ્યો છે. નજીકમાં જ સફેદ કેનોપી તંબૂઓની હરોળ ઊભી કરવામાં આવી છે અને લોકોની અવરજવરને નિયંત્રિત કરવા માટે મેટલની બેરિકેડ્સ લગાવવામાં આવી રહી છે.

## આજે વિપક્ષી ઇન્ડિયા ગઠબંધનનો સીઇસી જ્ઞાનેશકુમાર સામે જાહેર મહાઅભિયોગનો કાર્યક્રમ

**નવી દિલ્હી.** લોકસભાના ભૂતપૂર્વ સ્પીકર મીરા કુમાર 30 ઓક્ટોબરે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) વિરુદ્ધ વિપક્ષી ઇન્ડિયા બ્લોકના ‘જાહેર મહાભિયોગ’ની અધ્યક્ષતા કરશે. સૂત્રોએ ગુરુવારે જણાવ્યું કે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આ કાર્યવાહીની શરૂઆત કરશે અને ‘પ્રસ્તાવ’ પસાર થાય તે પહેલાં પાર્ટીના પૂર્વ વડા રાહુલ ગાંધી સમાપન ટિપ્પણી કરશે. ‘વોટ ચોરી’ ના મુદ્દે સાંકેતિક વિરોધ તરીકે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ યોજાનાર આ ‘જાહેર મહાભિયોગ’ની કાર્યવાહીને આખરી ઓપ આપવા માટે ઇન્ડિયા ગઠબંધનના નેતાઓ ખડગેના નિવાસસ્થાને મળ્યા હતા.

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ પાંચમ શુક્રવાર ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૫ પાનાં ૧૪+II કિંમત ₹ ૫.૦૦

